ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

લખનઉંના કામમાં પોતે સંકળાયેલો હોવાની ઓળખ આપી વેપારીનો વિશ્વાસ કેળવ્યો

વડુના વેપારી સાથે ઓનલાઈન ઠગાઈ ખોટી ઓળખ આપી રૂ.૫૫ હજાર પડાવ્યા

1930 હેલ્પલાઈન પર અરજી બાદ ઈ-ઝીરો એફઆઈઆરથી કેસ નોંધાયો, પોલીસે તપાસ શરૂ કરી


વિશ્વાસ
ગુણવત્તા
અમારો ધ્યેય
Rakesh Shah
(Company)
હું તમારા જૂના સપ્લાયર બોલું છું...
તાત્કાલિક પેમેન્ટ કરવું છે. નવો એકાઉન્ટ નંબર છે.
A/C No. XXXXXXXX1234
IFSC : ABCD012345
Amount : ₹55,000
Please transfer now. It's urgent.
!?!
ખોટી ઓળખ આપી સહેલાઈથી પૈસા પડાવી લીધા...!
₹
55,000
ONLINE FRAUD
વડોદરાના વેપારી
સાવધાન... ઓનલાઈન છેતરપિંડી ક્યારેય પણ થઈ શકે!

(પ્રતિનિધિ) પાદરા, તા.17

વડુ ગામના ૩૪ વર્ષીય વેપારી સાથે અજાણ્યા શખ્સે ખોટી ઓળખ આપી ઓનલાઈન રૂ.૫૫ હજારની છેતરપિંડી કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડનો ગુનો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ વડુ ગામમાં રહેતા અને બિઝનેસ સાથે સંકળાયેલા સૌરભભાઈ નરેન્દ્રભાઈ પટેલને તા.૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રાત્રે ૯ થી ૯:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન અજાણ્યા ઈસમે સંપર્ક કર્યો હતો. ફરિયાદીના જણાવ્યા મુજબ, આરોપીએ લખનઉં ખાતે ચાલી રહેલા તેમના કામમાં પોતે કામ કરતો હોવાની ખોટી ઓળખ આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ ઓનલાઈન વ્યવહારના બહાને ફરિયાદી સાથે છેતરપિંડી કરી તેમના ખાતામાંથી કુલ રૂ.૫૫,૦૦૦ કપાવી લીધા હતા.

બનાવ બાદ ફરિયાદીએ તા.૩ સપ્ટેમ્બરે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ ઉપર અરજી કરી હતી. આ અરજીના અનુસંધાને તા.૮ સપ્ટેમ્બરે ઈ-ઝીરો એફઆઈઆર જનરેટ થઈ હતી. ત્યારબાદ ઈ-ઝીરો એફઆઈઆરનું વડુ પોલીસ સ્ટેશન ખાતે એફઆઈઆરમાં રૂપાંતર થતાં તા.૧૬ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬:૩૦ વાગ્યે ગુનો નોંધવામાં આવ્યો હતો.

વડુ પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ આઈટી એક્ટની કલમ ૬૬(સી), ૬૬(ડી) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૨), ૩૧૯(૨) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સમગ્ર મામલાની તપાસ વડુ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. ગઢવી કરી રહ્યા છે.

નવીનગરીમાં તિજોરી તોડી સોના-ચાંદીના દાગીના અને દોઢ લાખની રોકડ ચોરાઈ

દેરોલી ગામમાં ચોરીની ઘટના: એક રાતનો સન્નાટો અને પાંચ લાખનો સફાયો

(પ્રતિનિધિ) કરજણ, તા.17

કરજણ તાલુકાના દેરોલી ગામમાં ગત રાત્રિએ એક એવી ઘટના બની, જેણે આખા ગામમાં ચકચાર જગાવી છે. ગામની નવીનગરીમાં રહેતા શૈલેષભાઈ રાવળના ઘરમાં ચોરોએ ત્રાટકીને સોના-ચાંદીના દાગીના અને આશરે દોઢ લાખ રૂપિયાની રોકડ રકમની ચોરી કરી, કુલ પાંચ લાખ રૂપિયાનો મુદ્દામાલ લઈને ફરાર થઈ ગયા. આ ઘટનાએ ગામલોકોને સ્તબ્ધ કરી દીધા છે અને સુરક્ષા વ્યવસ્થા પર અનેક સવાલો ઊભા કર્યા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, શૈલેષભાઈનો પરિવાર રાત્રે ઘરની બહાર સૂતો હતો. આ તકનો લાભ ઉઠાવીને ચોર ઈસમો ઘરના પાછળના ભાગેથી અંદર ઘૂસ્યા. તેમણે ઘરની તિજોરી તોડીને અંદર રાખેલા કિંમતી દાગીના અને રોકડ રકમ પર હાથ સાફ કર્યો. ચોરોએ એટલી ચાલાકીથી આ કૃત્યને અંજામ આપ્યો કે ઘરના સભ્યોને તેની ગંધ પણ ન આવી.

શૈલેષભાઈ રાત્રે કામ પરથી પાછા ફર્યા ત્યારે તેમને ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું. આઘાત અને આશ્ચર્ય વચ્ચે તેમણે તાત્કાલિક વલણ પોલીસને જાણ કરી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી છે. આ ચોરીની ઘટનાએ દેરોલી ગામમાં ભય અને અસુરક્ષાનો માહોલ પેદા કર્યો છે. પાંચ લાખ રૂપિયાની મોટી રકમની ચોરી થતાં, ગામલોકોમાં ચિંતા વ્યાપી ગઈ છે.

આ ઘટના માત્ર એક ચોરી નથી, પરંતુ એક પરિવારની મહેનત અને બચત પર થયેલો હુમલો છે. તે સમાજમાં વધતી જતી ગુનાખોરી અને સુરક્ષાના અભાવને પણ ઉજાગર કરે છે. પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરીને ચોરોને ઝડપી પાડવામાં આવે અને આવા ગુનાઓ અટકાવવા માટે કડક પગલાં લેવામાં આવે તેવી ગામલોકોની અપેક્ષા છે.

મીંઢોળમાં મોદીના જન્મદિવસે બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ

(પ્રતિનિધિ) શિનોર, તા. 17

શિનોર તાલુકાના મીંઢોળ ગામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સેવાકીય પ્રવૃત્તિનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી. શિનોર તાલુકા ભાજપ સંગઠનના મહામંત્રી હિતેશભાઈ ઠાકોર દ્વારા મીંઢોળ પ્રાથમિક શાળાના બાળકોને ચોપડા, પેન્સિલ, નોટબુક સહિતની શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે બાળકોને ચોકલેટ પણ આપવામાં આવી હતી.

વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે બાળકોને અભ્યાસમાં ઉપયોગી સામગ્રી આપીને શિક્ષણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. શૈક્ષણિક સામગ્રી અને ચોકલેટ મળતાં શાળાના બાળકોમાં ખુશી જોવા મળી હતી. આ પ્રસંગે શિનોર તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ સંકેત પટેલ સહિત સ્થાનિક આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ બાળકોના શિક્ષણને પ્રોત્સાહન મળે અને તેઓ અભ્યાસમાં આગળ વધે તેવા પ્રયાસો કરવા પર ભાર મૂક્યો હતો. સ્થાનિક કાર્યકરોએ પણ સેવાકીય કાર્યક્રમમાં સહયોગ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન શાળાના બાળકો સાથે આગેવાનો દ્વારા સંવાદ પણ કરવામાં આવ્યો હતો.

મહંમદપુરામાં લકવાની અસર બાદ યુવકના પિતાનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) પાદરા, તા. 17

પાદરા તાલુકાના મહંમદપુરા ગામના શાહ ફળિયામાં લકવાની અસર બાદ સારવાર હેઠળ રહેલા ૪૬ વર્ષીય આધેડનું વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, મહંમદપુરા શાહ ફળિયામાં રહેતા રાજેન્દ્રકુમાર ઉદેસીંગભાઈ પરમાર (ઉં.વ. ૪૬) તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રાત્રિના આશરે ૧૦ વાગ્યાના અરસામાં ઘરે મોબાઈલ જોઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક લકવાની અસર થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. પરિવારજનો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને વડુ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે ગોત્રી જનરલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

ચેક બાઉન્સ કેસમાં ૧ વર્ષની સજા, ૪.૭૦ લાખનો દંડ

દાહોદ કોર્ટનો ચુકાદો; દંડ ન ભરે તો વધુ ૩ માસની કેદ

(પ્રતિનિધિ) દાહોદ, તા. 17

દાહોદના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલતે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળના મહત્વપૂર્ણ ચુકાદામાં આરોપી પંકજ અરવિંદકુમાર મરચન્ટને દોષિત ઠેરવી ૧ વર્ષની સાદી કેદ તેમજ ૪,૭૦,૦૦૦/- નો દંડ ફટકાર્યો છે. ચુકાદા સમયે આરોપી ગેર હાજર રહેતાં કોર્ટે તેની સામે નોન-બેલેબલ વોરંટ (NBW) તથા સજા વોરંટ ઈસ્યુ કરવાનો કડક આદેશ કર્યો છે.

આરોપી પંકજ અરવિંદકુમાર મરચન્ટ એ શ્રીરામ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ., દાહોદમાંથી અંગત જરૂરિયાત માટે જાત જામીન લોન મેળવી હતી. લોન ખાતાની ઓવરડયુ રકમ બાકી નીકળતાં, તેની ભરપાઈ પેટે આરોપીએ ૩,૫૧,૭૩૬/- નો બેંક ઓફ બરોડાનો ચેક સોસાયટીને આપ્યો હતો. સદર ચેક બેંકમાં રજૂ કરતાં ખાતામાં અપૂરતા ભંડોળ ("Funds Insufficient") ના શેરા સાથે પરત ફર્યો હતો.

કાયદેસરની ડિમાન્ડ નોટિસ બજવા છતાં આરોપીએ નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવ્યા ન હતા. જેથી સોસાયટીના અધિકૃત અધિકારી નરેન્દ્રકુમાર શંકરલાલ ગામોટ દ્વારા વિદ્વાન વકીલ શ્રી તરૂણ કે. શર્મા મારફતે દાહોદ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ક્રિમિનલ કેસ નં. ૧૭૨૩/૨૦૨૩ દાખલ કરવામાં આવ્યો હતો.

સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલમાં ચિત્ર અને વકૃત્વ સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા. 17

તા. ૧૭-૦૯-૨૦૨૬ ના રોજ શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે "વિકસિત ભારત" અભિયાન અંતર્ગત ચિત્ર અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, સર્જનાત્મકતા અને વિકસિત ભારતના સ્વપ્ન પ્રત્યે જાગૃતિ કેળવવાનો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય પદાધિકારીતરીકે હરિકૃષ્ણભાઈ કે. પટેલ અને અશોકકુમાર સોમાસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનુ પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ચિત્ર અને વકૃત્વ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સંખેડામાં મોદીના જન્મદિવસે સફાઈ અભિયાન અને ફળ વિતરણ

ધારાસભ્ય સહિત આગેવાનો જોડાયા, દર્દીઓને ફળ આપી ખબર-અંતર પૂછ્યા

(પ્રતિનિધિ) સંખેડા, તા. 17

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે દેશભરમાં સેવા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે સંખેડા ખાતે પણ વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા.

સંખેડા તાલુકા પંચાયત કચેરી અને સંખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ, આરોગ્ય કેન્દ્રના ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ અને સફાઈ કર્મીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કચેરી પરિસર અને હોસ્પિટલ પરિસરની સફાઈ કરી હતી.

ત્યારબાદ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરાયેલા દર્દીઓને સ્થાનિક ધારાસભ્યના હસ્તે ફળ વિતરણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્યએ દર્દીઓના ખબર-અંતર પૂછી તેમને ઝડપથી સ્વસ્થ થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આધુનિક સુવિધાઓથી સજ્જ કચેરીઓથી ગ્રામજનોને સ્થાનિક સ્તરે વહીવટી સેવાઓ મળશે

ડભોઈ તાલુકાને રૂ.૩.૫૦ કરોડની વિકાસભેટ, ૧૩ પંચાયત કચેરીઓનું એકસાથે લોકાર્પણ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.17

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ડભોઈ તાલુકાના મંડાળા ગામે વિકાસલક્ષી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડભોઈ તાલુકામાં કુલ રૂ.3.50 કરોડના ખર્ચે નિર્માણ પામેલી 13 નવીન ગ્રામ પંચાયત કચેરીઓનું એક જ સ્થળેથી લોકાર્પણ ડભોઈ મતવિસ્તારના ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું. તાલુકાના વિવિધ ગામોમાં નિર્માણ પામેલી આ નવીન ગ્રામ પંચાયત કચેરીઓ આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવી છે. ગ્રામજનોને સરકારી યોજનાઓ, પ્રમાણપત્રો સહિતની વિવિધ વહીવટી સેવાઓ માટે દૂર સુધી ધક્કા ન ખાવા પડે અને સ્થાનિક સ્તરે જ જરૂરી કામગીરી સરળતાથી થઈ શકે તે માટે આ કચેરીઓ મહત્વપૂર્ણ બની રહેશે.

નવીન કચેરીઓ કાર્યરત થતાં ગ્રામ પંચાયતના વહીવટને વધુ સુવ્યવસ્થિત બનાવવાની સાથે ગ્રામજનોની રજૂઆતો અને સમસ્યાઓના સ્થાનિક સ્તરે નિરાકરણની પ્રક્રિયાને પણ વેગ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી. લોકાર્પણ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ ડો. બી. જે. બ્રહ્મભટ્ટ, જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, સરપંચો, ભાજપના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નવીન ગ્રામ પંચાયત કચેરીઓના નિર્માણથી ગ્રામ્ય વિસ્તારોમાં વહીવટી સુવિધાઓ વધુ સુલભ બનશે અને સરકારની વિવિધ સેવાઓનો લાભ ગ્રામજનોને નજીકના સ્થળેથી મળી રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

ડભોઈ કોલેજમાં મોદીના જન્મદિવસે રક્તદાન શિબિર

ભાજપ કાર્યકરો, NCC કેડેટ્સ અને સરકારી કર્મચારીઓએ રક્તદાન કર્યું

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 17

ડભોઈ કોલેજ ખાતે ભાજપ ધ્વારા દેશ ના યશશ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 76 માં જન્મદિનની ઉજવણીના ભાગરૂપે રકતદાન શિબિર નું આયોજન કરાયું હતું. જેમાં ભાજપ ના કાર્યકરો. કોલેજ ના NCC કેડેટ ના વિદ્યાર્થીઓ અને સરકારી કર્મચારીઓ એ રક્તદાન કરી માનવસેવા કાર્યો ના પ્રાધાન્ય ના સંદેશ સાથે વડાપ્રધાનના જન્મદિનની ઉજવણી કરી હતી.

ડભોઈ કોલેજ ખાતે ભારતીય જનતા પાર્ટી ધ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના 76 માં જન્મદિન ની રકતદાન શિબિર ના આયોજન ધ્વારા ઉજવણી કરાઈ હતી. રકતદાન થી માનવસેવા નું ઉત્તમ અને અમૂલ્યસેવા કાર્ય થતું હોય છે. કોઈક નું જીવન બચાવવામાં અણીયાળા સમયે રક્ત મહત્વનો ભાગ ભજવે છે. જેથી વડાપ્રધાન ને જન્મોત્સવની શુભેચ્છાઓ આપવાના આશય સાથે રકતદાન શિબિર નું આયોજન કરાયું હતું. આ પ્રસંગે વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ.બી.જે.બ્રહ્મભટ્ટ, ડભોઈ ના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા, ભાજપ અગ્રણી શશીકાંત ભાઈ પટેલ ઉપસ્થિત રહી રકતદાન ધ્વારા વડાપ્રધાન ને જન્મદિન ની અનોખીભેટ અર્પણ કરી હતી.

વનવિભાગે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી

ઉચા કલમ ગામના ખેતરમાં દીપડાએ બકરાનું મારણ કરતાં ફફડાટ ફેલાયો

ગ્રામજનો દ્વારા પાંજરું મૂકી દીપડો પકડવાની માંગ

(પ્રતિનિધિ) બોડેલી, તા.17

બોડેલી તાલુકાના ઉચા કલમ નર્મદા વસાહત વિસ્તારમાં ખેતરમાં ચરવા ગયેલા બકરા પર દીપડાએ હુમલો કરી તેનું મારણ કરતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

ઉચા કલમ નર્મદા વસાહતમાં રહેતા વિસ્થાપિત પરિવારો પોતાના પશુઓને ચરાવવા માટે આસપાસના ખેતરો તથા સીમ વિસ્તારમાં લઈ જતા હોય છે. દરમિયાન ખેતરમાં ચરવા ગયેલા એક બકરા પર અચાનક દીપડાએ હુમલો કરતાં તેનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં આસપાસના વિસ્તારમાં ચર્ચા સાથે ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો.

સમગ્ર ઘટનાની જાણ બોડેલી વનવિભાગ થતાં વનવિભાગના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા અને ઘટનાની તપાસ હાથ ધરી હતી. વનવિભાગના કર્મચારીઓએ મારણ થયેલા બકરાનું પંચકાસ કરી જરૂરી કાર્યવાહી કરી હતી. તેમજ બકરાના માલિકને જરૂરી દસ્તાવેજો રજૂ કરવા જણાવાયું હતું, જેથી નિયમ મુજબ થયેલા પશુ નુકસાન અંગે સહાય મળી શકે.

દીપડાની હાજરીને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ખેતરોમાં ખેડૂતો તથા પશુપાલકોની અવરજવર રહેતી હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વનવિભાગ દ્વારા વિસ્તારમાં તકેદારી રાખવા માટે સૂચના આપી હતી સ્થાનિક ગ્રામજનોએ વનવિભાગ સમક્ષ વિસ્તારમાં પાંજરું ગોઠવી દીપડાને પકડવા તેમજ સતત પેટ્રોલિંગ હાથ ધરવાની માંગ કરી છે, જેથી ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનોને સુરક્ષિત વાતાવરણ મળી રહે.

પાદરામાં ગણેશોત્સવ દરમિયાન ફૂલહાર એકત્ર કરી સ્વચ્છતાનો સંદેશ

(પ્રતિનિધિ) પાદરા, તા. 17

ગણેશોત્સવ દરમિયાન ગણેશજીને અર્પણ કરવામાં આવતા ફૂલહાર અને પુષ્પો કચરામાં કે તળાવમાં ન જાય અને પર્યાવરણનું જતન થાય તે હેતુથી પાદરામાં શ્રી સનાતન યુવા સંગઠન દ્વારા સેવાકીય અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત પાદરા નગરના વિવિધ ગણેશ યુવક મંડળો પાસેથી ગણેશજીને અર્પણ થયેલા ફૂલહાર એકત્ર કરવામાં આવ્યા હતા. એકત્રિત કરવામાં આવેલા ફૂલહારનો યોગ્ય રીતે નિકાલ અને પુનઃઉપયોગ થઈ શકે તે માટે તેને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) ને સોંપવામાં આવ્યા હતા.

ગણેશોત્સવ દરમિયાન મોટી માત્રામાં ફૂલહાર એકત્ર થતા હોય છે. આવા ફૂલહાર તળાવ કે અન્ય જળાશયોમાં પધરાવવાથી પર્યાવરણને નુકસાન ન થાય તે માટે સંગઠન દ્વારા કરવામાં આવેલી આ કામગીરીથી 'સ્વચ્છ પાદરા, સ્વચ્છ પર્યાવરણ'નો સંદેશ આપવામાં આવ્યો હતો. આ સેવાકીય અભિયાનમાં સહયોગ આપનાર પાદરાના તમામ ગણેશ મંડળોનો આયોજકો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કાલોલ કુમાર શાળામાં 'વિકસિત ભારત' અંતર્ગત ચિત્ર સ્પર્ધા

(પ્રતિનિધિ) કલોલ, તા. 17

સેવા સંકલ્પ અભિયાન વિકસિત ભારત ૨૦૪૭ કાર્યક્રમ અંતર્ગત આજરોજ તારીખ ૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ કાલોલ કુમાર શાળા ખાતે ધોરણ છ થી આઠ ના બાળકોની વિકસિત ભારત થીમ ઉપર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં આજના કાર્યક્રમના અધ્યક્ષ ભૌમિકભાઈ ગોસ્વામી હતા સાથે સાથે કાલોલ શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ પારેખ સાથે ભારતીય જનતા પાર્ટીના શહેર ભાજપ ઉપપ્રમુખ મોન્ટુ ગોસાઈ,ભાજપ સભ્યઓ ટી .પી. ઈ.ઓ હિતેશભાઈ ભાટિયા અને કાલોલ નાગરિકો વાલીઓની ઉપસ્થિતિમાં બાળકોને વિઝન ૨૦૪૭ અન્વયે ભારતની વિકાસ યાત્રા સંદર્ભે બાળકોને સંબોધ્યા હતા. જ્યાં શાળા પરિવારે આવનાર તમામ નો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

સિંગવડમાં મોદીના જન્મદિવસે ૪૫ બોટલ રક્ત એકત્રિત

ગુરુકૃપા હોસ્પિટલ ખાતે સાંસદ-ધારાસભ્યના હસ્તે રક્તદાન કેમ્પનો પ્રારંભ

(પ્રતિનિધિ) સિંગવડ, તા. 17

ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 76મા જન્મદિવસ નિમિત્તે સિંગવડ ખાતે યોજાયેલ ગુરુકૃપા હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પમાં સેવાનો અનેરો સંદેશ જોવા મળ્યો. જ્યારે સાંસદ જશવંતસિંહભાભોર તથા લીમખેડા ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર બક્ષીપંચ સમાજના આગેવાન એન ડી પટેલ તથા ડોક્ટરો દ્વારા આ બ્લડ કેમ્પને દીપ પ્રગટાવી ખુલ્લો મુકવામાં આવ્યો હતો

દાહોદ જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ મહેન્દ્રભાઈ એન. પટેલ ભારતીય જનતા પાર્ટી મહામંત્રીઓ તથા સિંગવડ તાલુકા એસટી મોરચાના પ્રમુખ શૈલેષભાઈ કટારા સુરેશભાઈ ચૌહાણ કરણસિંહ વણઝારા ભરતભાઈ ભાભોર સહિત ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ "રક્તદાન એ જ મહાદાન" ના ઉદેશ્યને અનુલક્ષીને ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. જેમાં 45 બોટલ રક્ત ભેગું થયું હતુ જ્યારે રક્તદાન જેમને પણ કર્યું તેમને રોટરી ક્લબ ગોધરા તરફથી પાણીની સ્ટીલની બોટલો ભેટ તરીકે આપવામાં આવી હતી.

પેથાપુર પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું કરુણ મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ જિલ્લાના ગોવિંદગુરુ લીમડી તાલુકાના પેથાપુર ગામે કાળી નદી નજીક રોડ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. તા.15 સપ્ટેમ્બર, 2026ના સાંજે સાડા છ વાગ્યાના અરસામાં પુરઝડપે અને ગફલતભરી રીતે દોડી આવેલા અજાણ્યા વાહને સામેથી આવતી મોટરસાયકલને ધડાકાભેર ટક્કર મારી હતી. અકસ્માતમાં વખતપુરા ગામના હાંડા ફળિયાના 42 વર્ષીય મીઠાભાઈ બદીયાભાઈ પારગીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ચાકલિયા પોલીસ ઘટનાસ્થળે પહોંચી લાશનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી.

ગ્રેડ-પે સુધારા મુદ્દે દાહોદમાં જમીન દફતર કર્મચારીઓનું આંદોલન

તમામ તાલુકાની જમીન દફતર નિરીક્ષક કચેરીના વર્ગ-૩ કર્મચારીઓ જોડાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા. 17

વર્ગ-૩ના કર્મચારીઓના ગ્રેડ-પે સુધારવા બાબતેનો ઉકેલ નહીં આવે તો ૧૯/૦૯/૨૦૨૬ના રોજ માસ સીએલ અને ત્યારબાદ તા.૨૧/૦૯/૨૦૨૬થી અચોક્કસ મુદતની હડતાલ

દાહોદ જિલ્લાના તમામ તાલુકામાં જમીન દફતર નિરીક્ષક કચેરીના કર્મચારીઓ દ્વારા ગ્રેડ-પે સુધારવાની માંગ સાથે રાજ્યવ્યાપી પેન ડાઉન આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. આ આંદોલનની અસર દાહોદ જિલ્લામાં પણ જોવા મળી રહી છે.

કર્મચારીઓના જણાવ્યા મુજબ વર્ગ-૩ના કર્મચારીઓના ગ્રેડ-પે સુધારવા અંગે સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી. જેના પગલે કર્મચારીઓએ કામગીરીથી અળગા રહી આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

આંદોલનને લઈને કર્મચારીઓએ જણાવ્યું છે કે સરકાર દ્વારા કોઈ નિર્ણય નહીં લેવાય તો ૧૯/૦૯/૨૦૨૬ના રોજ માસ સી.એલ. પર જવાની તૈયારી કરવામાં આવી છે. ત્યારબાદ પણ પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો તા.૨૧/૦૯/૨૦૨૬થી અચોક્કસ મુદત સુધી હડતાલ ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.